## ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં નવલી નવરાત્રીના પહેલા જ નોરતે

# ખેલૈયાઓ મન મૂકીને મહાલ્યા

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રી-૨૦૨૨ માં પહેલા નોરતે જ ખેલૈયાઓ મન મૂકીને મહાલ્યા

ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીના ગર્ભગૃહમાં પ્રજ્વલિત દીવામાંથી આણેલી જ્યોતનું ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા સામૈયું કરવામાં આવ્યું હતું. વાજતે ગાજતે જ્યોતિ સ્વરૂપ માં જગદંબાનું ગરબા ગ્રાઉન્ડમાં સ્થાપન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના કલ્ચરલ ફોરમના આંગણામાં પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગરના દીપમાળા અને માતાજીની માંડવડી લઈને ગરબા કર્યા હતા. સમતુલા, સ્થિરતા અને એકાગ્રતાની પરાકાષ્ઠાસમા આ અજોડ, અણમોલ અને બેનમૂન આવ્યું હતું.

પહેલા નોરતે ખેલૈયાઓ મન મૂકીને ગરબે રમ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમની પરંપરા અનુસાર શ્રેષ્ઠ હેમાંગી પટેલ બેસ્ટ પેર રહ્યા હતા. આ કેટેગરીમાં અરુણસિંહ ઝાલા અને દિશા જોશી રનર્સ અપ રહ્યા હતા. પરંતુ રહ્યા હતા. ૩૫ વર્ષથી મોટી વય જૂથના વર્ગમાં બેસ્ટ કિંગ અપ રહ્યા હતા. બેસ્ટ ટીનેજર કેટેગરીમાં આયુષ બારોટ અને આસ્થા શાહ વિજેતા થયા હતા. જ્યારે પ્રણિત જૈન અને નિરાલી વ્યાસ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ

















હતા. કોરોનાકાળના બે વર્ષ પછી ગરબાનાં આયોજનો થતાં ખેલૈયાઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ છલકાતો હતો. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉલ્લાસ અને ઉમંગભર્યા આયોજનમાં સેન્ટ્રલ વિસ્ટા પાસેના જી.સી.એફ. ગ્રાઉન્ડમાં દિવ્ય અને ભવ્ય ગરબાનું આયોજન કરાયું છે.


ગ્રાઉન્ડમાં સ્થાપન કરવામાં આવે છે. છેલ્લા ૩૪ વર્ષથી ગાંધીનગરથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સ્વયંસેવકો પહેલા નોરતે અંબાજી જઈને માતાજીની દિવ્ય જ્યોત ગાંધીનગર લાવ્યા હતા. પહેલા નોરતે સાંજે અંબાજીથી પધારેલી દિવ્ય જ્યોતનું ભવ્ય અધ્યક્ષ શ્રીકૃષ્ણકાન્તભાઈ જહા, ઉપાધ્યક્ષ શ્રી પ્રકાશ લાલા અને અન્ય મહાનુભાવોએ દિવ્ય જ્યોતનું સ્વાગત કર્યું હતું. સમગ્ર નવરાત્રી દરમિયાન આ દિવ્યજ્યોત ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણાંમાં અખંડ પ્રજવલિત રહેશે.

પહેલા નોરતે ગાંધીનગર અધ્યક્ષ શ્રી રુચિરભાઈ ભટ્ટ, પૂર્વ સનદી અધિકારી અને વરિષ્ઠ લેખક-સાહિત્યકાર શ્રી વી.એસ. ગઢવીએ માં જગદંબાની આરતી ઉતારી હતી.

ગાંધીનગર કલ્ચર ફોરમના આંગણામાં જામ ખંભાળિયાના આંબાવાડી (ઈન્ટરનેશનલ) કલાવૃંદના કલાકારોએ માથે બેડાં, નર્તને ગાંધીનગરના નાગરિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ૫૨ બેડા માથે લઈને બહેનોએ ગરબા કર્યા હતા તો ગોફ નૃત્યનું પણ અદભુત પ્રદર્શન કર્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમ તરફથી આંબાવાડી કલાવૃંદ, જામખંભાળિયાના સંચાલક શ્રી ડાહ્યાભાઈ નકુમનું ખેસ ઓઢાડીને સન્માન કરવામાં ખેલૈયાઓને ઈનામો આપવામાં આવે છે. પહેલા નોરતે બેસ્ટ પર્ફોર્મન્સ (પ્રિન્સ)તરીકે શ્રી નૃપેશ પુરબીયા અને બેસ્ટ પર્ફોર્મન્સ (પ્રિન્સેસ) તરીકે ઈશાની પટેલ વિજેતા થયા હતા. આ કેટેગરીમાં રનર્સ અપ તરીકે પ્રકાશસિંહ પરમાર અને કથા સુથાર વિજેતા થયા હતા. બ્રિજ બારોટ અને તરીકે કુણાલ શાહ અને બેસ્ટ ક્વીન તરીકે ડૉ. અર્ચના માને વિજેતા થયા હતા.

નવદીપ બારોટ અને બેલા શાહ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસ કેટેગરીમાં પ્રિન્સ તરીકે સોનુ સુરતી અને પ્રિન્સેસ તરીકે જાનવી રાવલ વિજેતા થયા હતા. સાહિલ રબારી અને પ્રિયંકા પરમાર રનર્સ કીડ કેટેગરીમાં પ્રિયાંશ રજવાણીયા અને તપસ્યા પંડ્યા વિજેતા થયા હતા. જ્યારે વેદ પટેલ અને માન્યતા ભાવસાર રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં સમય શાહ અને ઝેન્સી પટેલ વિજેતા થયા હતા. જ્યારે આરવ પટેલ અને નિવી ડણક રનર્સ અપ રહ્યા હતા.

## વિધાનસભાના પોડિયમ ખાતે શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૪૯મી જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ







ગાંધીનગર,તા.૨૭

વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ અને ગુજરાત વિધાનસભા ભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે. એવા શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલની ૧૪૯મી જન્મજયંતિ નિમિતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય, કાયદા મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, આદિજાતી વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ શ્રી વિઠ્ઠલભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવન સાથે જોડાયેલી કેટલાક સંસ્મરણો યાદ કર્યા હતા. તેમનો જન્મ ૨૭મી સપ્ટેમ્બર ૧૮૭૩ના રોજ નડિયાદમાં થયો હતો. તેઓ સન ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ બન્યા હતા.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા “રઢીયાળી પૂનમની રાત” ફિલ્મી ગીત સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૬

ઈન્ડિયન લાયન્સ એક Life Improvement Organization with National Spirit સાથે દેશના નાગરિકોના વિશાળ હિતમાં કાર્યકરતી સ્વદેશી અને રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી સંસ્થા છે.

જે છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતના વિવિધ શહેરો અને મહાનગરોમાં કાર્યરત છે. જેની ૮૦ થી વધુ ક્લબો ગુજરાતમાં વિવિધ સ્થળો પર Life Improvement કરવાનું કાર્ય કરે છે.

## મ.દ ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે રક્તદાન આર્ક અનેરું દાન વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર,તા.૨૭

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રકતદાન નું મહત્વ વિષય પર વ્યાખ્યાન યોજાયું. વિદ્યાર્થીઓમાં જીવન લક્ષી શિક્ષણ પણ પીરસવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ અને તેઓ વિદ્યાકીય ક્ષેત્રોમાં પ્રગતિ કરે સાથે સાથે સામાજિક દષ્ટિએ પણ જવાબદારી પૂર્વક વર્તતા શીખે તેવા આશયથી વિવિધ વિચાર પ્રેરક વ્યાખ્યાનો થતાં રહે છે. આ બાબતને અનુલક્ષીને રકતદાન એક અનેરું દાન વિષય પર તબીબી અધિકારી શ્રી ડૉ. નયનેશ વસાવા સાહેબનું વ્યાખ્યાન આયોજિત થયું હતું.





ડૉ. નયનેશ વસાવા એ વિદ્યાર્થીઓને રકતદાન કરવું કે કેમ જરૂરી છે રકતદાન કોણ કરી શકે, રકતદાન કરનારે રાખવાની તકેદારી વગેરે બાબતોને આવરી લઈ સુંદર ઉદાહરણ સહિત વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક શ્રી ડૉ.રાજેન્દ્ર જોષી ના માર્ગદર્શનમાં પ્રોગ્રામ ઓફિસર ડો. મોતી દેવું અને ડૉ.દિવ્યેશ ભટ્ટ દ્વારા થયું હતું. ડૉ.મોતી દેવુંએ સંચાલન કર્યું હતું. ડૉ.દિવ્યેશ ભટ્ટે આભારદર્શન કર્યું હતું.

# નવરાત્રિમાં માતાને ચઢાવતા ફૂલોનું વિશેષ મહત્વ

નવરાત્રીનાં દિવસોમાં માતાની પૂજાનું વિશેષ મહત્વ છે.અને આ સમયે માતાને અલગ અલગ ફૂલ ચઢાવીને તેમની પૂજા કરવામાં આવે છે. કયું ફૂલ ચઢાવવાથી શું આશીર્વાદ મળે છે તે આજે આપણે જાણીશું. ગલગોટાનું ફૂલ- ભગવાનની પૂજામાં સૌથી વધુ ઉપયોગ ગલગોટાના ફૂલોનો કરવામાં આવે છે. તેનો સંબંધ બૃહસ્પતિ સાથે હોય છે. ગલગોટો આકર્ષણ વધારવાનું કામ કરે છે. તેનો ઉપયોગ કરવાથી જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ થાય છે. નિયમિતપણે પીળા ગલગોટાના ફૂલની માળા ભગવાન વિષ્ણુને ચઢાવવાથી સંતાન સંબંધિત સમસ્યાથી છૂટકારો મળે છે.કમળનું ફૂલ- કમળના ફૂલને જીવનમાં શુભ ફળના આગમનનું પ્રતિક માનવામાં આવે છે. આ શુદ્ધ રૂપથી દૈવીય અને આધ્યાત્મિક ફૂલ માનવામાં આવે છે. કમળના ફૂલનો સંબંધ નવ ગ્રહો અને દુનિયાની પૂરી ઊર્જા સાથે છે. તેમાં સફેદ રંગને સૌથી પવિત્ર માનવામાં આવે છે. ભગવાન કૃષ્ણને કોઈપણ એકાદશી પર બે કમળના ફૂલો અર્પિત કરવાથી સંતાન પ્રાપ્તિની ઈચ્છા પૂરી થાય છે, દેવી લક્ષ?મીને ૨૭ દિવસ સુધી નિયમિત એક કમળ અર્પિત કરવાથી અખંડ રાજ્ય સુખની પ્રાપ્તિ થાય છે. જાસુદનું ફૂલ- તમામ દૈવીય અને ઔષધિય ગુણથી ભરપૂર જાસુદનું ફૂલ દેવીની આરાધના માટે સર્વોત્તમ છે. ઊર્જાથી ભરપૂર જાસુદના ફૂલ દેવી અને સૂર્ય દેવની આરાધનામાં વિશેષ મહત્વ રાખે છે. શત્રુઓ અને વિરોધીઓથી રાહત મેળવવા માટે દેવીને નિયમિત એક જાસુદ અર્પિત કરવું જોઈએ. દરેક પ્રકારની શારીરિક સમસ્યાથી મુક્તિ મેળવવા માટે સૂર્ય દેવને અર્ધ્ય આપતી વખતે જળમાં જાસુદનું ફૂલ અવશ્ય નાખો. તેનાથી સૂર્ય દેવની કૃપા પ્રાપ્ત થાય છે.

**તમામ દૈવીય અને ઔષધિય ગુણથી ભરપૂર જાસુદનું ફૂલ દેવીની આરાધના માટે સર્વોત્તમ છે**





